ગાંધીનગરની તેજસ્વી વિદ્યાર્થિની કેયુરીનુ કમળાથી મૃત્યુ થયાની વાતથી શહેરમાં સન્નાટો

નવા સેક્ટરોમાં કમળાના વધતા જતા કેસો : ૧૦ થી ૪૫ વર્ષની આયુ ધરાવતા દર્દીઓની સંખ્યા મોટી હોવાનુ જણાયુ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરના નવા સેક્ટરોમાં કમળાનો રોગ વિકરાળ બની રહ્યો છે. આ કમળાના કેસમાં સે. ૪ની એક આશાસ્પદ તેજસ્વી વિદ્યાર્થીની કેયુરી ઠક્કરનું મોત નીપજ્યાના સત્તાવારે સમગ્ર શહેરમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કેયુરીને સારવાર માટે મુંબઈ સુધી તેના પરિવારજનો લઈ પહોંચ્યા હતા પરંતુ તે બચી શકી ન હતી.

મળતી વિગતો પ્રમાણે કેયુરી ઠક્કરને ગત વર્ષે પણ કમળો થયો હતો. જે મટી ગયો હતો. આ વર્ષે પુનઃ કમળો થયો હતો. તેણીનીએ ગાંધીનગરના બે થી ૩ ખાનગી તબીબો, સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ઉપરાંત એક ખાનગી હોસ્પિટલ ત્યાંથી અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી હતી પરંતુ તબિયતમાં સુધારો જણાયો ન હતો.

અમદાવાદની ખાનગી હોસ્પિટલમાંથી તેણીનીને લીવરની તકલીફ હોવાનુ જણાતાં મુંબઈ સારવાર માટે ખસેડવાનો નિર્ણય લેવાયો હતો. મુંબઈની ગ્લોબલ હોસ્પિટલમાં તેના પર શસ્ત્રક્રિયા કરવાનો નિર્ણય લેવાયો હતો તે પહેલા જ તેનુ મૃત્યુ થયુ હતુ.

મળતી વિગતો પ્રમાણે તેણીની હિપેટાઈટીસ-ઈ ની બિમારી હોવાનુ નિદાન થયુ હતુ. કેયુરી ઠક્કર આર્કિટેકચરમાં અભ્યાસ કરતી હતી. શુક્રવારે સાંજે તેના દુઃખદ અવસાનના સમાચાર આવ્યા હતા.

ગાંધીનગર શહેરના નવા સેક્ટરોમાં કમળાના કેસો ખુબજ ઝડપથી વધી રહ્યા છે. નવા સેક્ટરોમાં પાણીપુરી તેમજ અન્ય અખાદ્ય વસ્તુઓનુ બજાર પણ ભરાતુ હોય છે. તંત્રએ આ બજારમાંથી રૂ. ૧૨૦૦થી વધુ રકમનો દંડ વસુલી અખાદ્ય ચીજોનો નાશ પણ બે વખત કર્યો છે. જો કે આ બજારમાં લોકોની ભીડ એવી ને એવી જ રહેતી જોવા મળી રહી છે.

તંત્રએ કમળાના કેસો મળતાં રેપીડ રિસ્પોન્સ ટીમ પણ બોલાવી હતી. જેમાં પણ હિપેટાઈટીસ.એ ના કેસો વધુ પ્રમાણમાં જોવા મળ્યા હતા. પાણીપુરી સહિતના અન્ય અખાદ્ય ચીજો ખાવાથી આ રોગ થતો હોય છે.

ગાંધીનગરમાં છેલ્લા એક-બે સપ્તાહથી પાણીજન્ય રોગચાળાએ વધારે માથુ ઉંચક્યુ છે. તંત્ર હવે કડક હાથે કામ લે તેવી માંગ લોકોમાં ઉઠી છે.

જે કંઈ કેસો નોંધાયા છે તેમાં ૧૦ વર્ષથી ૪૫ વર્ષના જ કેસોની સંખ્યા વધુ જોવા મળી છે. જે આવી બધી વસ્તુઓ ખાવાનો શોખ ધરાવતા હોય છે.

ગાંધીનગર શહેરમાં કમળાના કેસો અંગે તંત્ર પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહેલ છે. પાણીના લિકેજીસ મળ્યા નથી તેમજ ક્લોરીનેશન પણ પુરતા પ્રમાણમાં થતુ હોવાનુ તંત્રની તપાસમાં બહાર આવ્યાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ગ્રામ વિકાસ સહયોગ યોજના અંતર્ગત ગાંધીનગર તાલુકાના શિહોલી મોટી ગામે આર.સી.સી. રોડનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ હતુ. તે પ્રસંગે ગુજરાત વિધાનસભા ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, તાલુકા પંચાયત પ્રમુખ કાળુસિંહ રાઠોડ, ગુડાના ચેરમેન આશિષ દવે સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા તે પ્રસંગની તસવીર.

ખેડૂતોના પ્રશ્નો સરકાર સંવેદના સાથે ગંભીરતાથી ઉકેલે : કિસાન સંઘ

વર્તમાન ખેડૂત આંદોલન રાજનીતિથી પ્રેરિત : કિસાન સંઘ

ગાંધીનગર, તા. ૧૪

ખેડૂતોના પ્રશ્નો સંવેદના સાથે સરકાર તત્કાલ ઉકેલે તેવી માંગ ભારતીય કિસાન સંઘે કરી છે. કિસાન સંઘે ખેડૂતોના મુદ્દે રાજનીતિ કરનારાઓથી ચેતવા પણ ખેડૂતોને અપીલ કરી જણાવ્યુ છે.

કિસાનસંઘના અગ્રણી મગનભાઈ પટેલ તથા પ્રદેશ અધ્યક્ષ વિઠ્ઠલભાઈ દુધાત્રાએ એક નિવેદનમાં જણાવ્યું છે કે કેન્દ્ર સરકારોની ખેડૂત વિરોધી નીતિના કારણે ખેડૂતો દેવાદાર બન્યા છે. દેવાનાબુદી એ ટુંકાગાળાનો ઉકેલ છે અને થોડાક સમય માટે રાહતરૂપ છે પરંતુ તે કાયમી ઉકેલ નથી.

આ ઉપરાંત ખેડૂત વિરોધી આયાત-નિકાસ નીતિ, ફરજીયાત પાકવીમા યોજના, ટેકાના ભાવો નક્કી કરવાની તદ્દન અવાસ્તવિક પદ્ધતિ, અનેક ખોટી ભ્રષ્ટાચારને પોષતી સબસીડીની યોજનાઓ, ડૉ. સ્વામિનાથન સમિતિની ભલામણોનો અસ્વિકાર, તમામ માર્કેટ યાર્ડોમાં હરાજી નહી અને એમએસપીથી ઓછા ભાવે હરાજી કરીને કિસાનોની થતી ઉઘાડી લૂંટ જેવા મુદ્દાઓ અંગે ભારતીય કિસાન સંઘ, દ્વારા સરકારોમાં સતત રજુઆતો કરવામાં આવી રહી છે.

હાલ ચાલી રહેલ આંદોલન એ પૂર્વ આયોજીત માત્ર રાજકારણ પ્રેરીત, ચોક્કસ એજન્ડા સાથે અને સીધાજ અલ્ટીમેટમથી અંતિમ સંઘર્ષના કાર્યક્રમો આપી શાંતિપૂર્ણ વાતાવરણને દૂષિત કરવાના ભાગ રૂપેહોઈ કિસાનોના નામે રાજકારણ ખેલાઈ રહ્યુ હોઈ જેનાથી કિસાનોને સચેત રહેવા અપીલ કરવામાં આવી છે.

ભારતીય કિસાન સંઘ, સરકારને હાલ છેલ્લા ૧૫ દિવસ દરમ્યાન તમામ ૩૩ જિલ્લાઓમાં કરવામાં આવેલ રેલી-સભા અને કલેક્ટરોને અપાયેલ આવેદન પત્ર પૈકીના ગંભીર પ્રશ્નો ઉકેલવા સત્વરે સંપૂર્ણ સંવેદના સાથે કિસાનલક્ષી હકારાત્મક અભિગમથી આગળ વધવા સરકારને તાકીદ કરવામાં આવે છે.

જેસીઆઈ દ્વારા આદર્શ મીટીંગની ટ્રેનીંગ અપાઈ

ગાંધીનગર શહેરની જાણીતી સંસ્થા જેસીઆઈ ગાંધીનગર દ્વારા વિવિધ ટ્રેનીંગના સુંદર આયોજન કરવામાં આવે છે. જેને પગલે જેસીઆઈ દ્વારા ચેરમેનશીપ એન્ડ પાર્લામેન્ટરી પ્રોસીજર ટ્રેનીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જેસીઆઈ સાથે વર્ષોથી સંકળાયેલા મેનેજમેન્ટ ગુરુ જેસી હિમાંશુ પંડયા દ્વારા પરફેકટ મીટીંગ કેવી રીતે યોજવી તેનું જ્ઞાન પીરસવામાં અઆવ્યું હતું. આ ટ્રેનીંગમાં ઉપસ્થિત સૌ સભ્યોનો જેસીઆઈ પ્રમુખ ડો. પરાગી ગાંધીએ આભાર વ્યકત કર્યો હતો.

ટાઈલ્સ ફીટીંગ કરવા આવેલો મજુર એક્ટીવા લઈને રફુચક્કર

ગાંધીનગર, તા. ૧૪

શહેરના સેક્ટર-૭-બી,

અવસાન નોંધ

વિધાનસભામાં નાયબ સચિવની ફરજ બજાવતા શિરીષ મકવાણાના માતૃશ્રી તથા પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરીના નિવૃત્ત કર્મચારી જી.કે. પરમારના સાસુમા સ્વ. શશીકલાબેન શાંતિલાલ મકવાણાનુંતા. ૧૨મી જુને દુઃખદ નિધન થવા પામ્યુ છે. સદ્‌ગતનું બેસણુ તા. ૧૫મી જુનના રોજ અમદાવાદના રખિયાલ રોડ પરના સમાજભવન ખાતે સવારે ૯ થી ૧૨ કલાક દરમ્યાન રાખવામાં આવ્યું છે.

પ્લોટ નં. ૭૩૮/૨ ખાતે રહેતા મહાદેવભાઈ ભાઈચંદભાઈ વાઘોડીયા ઘ-દોઢ હાઈટેક હોસ્પિટલ નજીક એક મકાનમાં રહેતી તેમની બહેનના ઘરે પાણીની ટાંકીમાં ટાઈલ્સ ફીટીંગ કરાવવા ૨૪ મે એ એક મજુર લઈને ગયા હતા.

દીલીપ નામના આ મજુરને કડીયા નાકેથી શોધીને મહાદેવભાઈ બહેનના ઘરે લઈ ગયા હતા. ટાઈલ્સ જોયા બાદ આ ટાઈલ્સ કટીંગ કરાવવી પડશે તેમ કહી મજુરે એક્ટીવા માંગ્યુ હતુ. મહાદેવભાઈએ ટાઈલ્સ કટીંગ કરાવવા એક્ટીવા આપ્યુ એટલે મજુર એક્ટીવા લઈને ટાઈલ્સ કટીંગ કરાવવા જવાનુ કહીને નિકળ્યો હતો. ૨૪ મે એ ગયેલો આ મજુર આજ દિન સુધી એક્ટીવા લઈને પરત ફર્યો નથી. આખરે મહાદેવભાઈએ વિશ્વાસઘાત અને છેતરપીંડી અંગેની ફરિયાદ આપતા સે. ૭ પોલીસે ગુનો દાખલ કરી ચીટર મજુરને પકડવા દોડધામ શરૂ કરી છે.

વાયરમેનની પરીક્ષાનું પરિણામ : કાચુ રંધાયાની શંકા

પરિણામમાં મેરિટ લિસ્ટ આપવાને બદલે સીધેસીધા પસંદ કરાયેલા ઉમેદવારોનુ જ લિસ્ટ જાહેર કરાયું : પરિણામ ઓજસ પર મુકવાને બદલે 'મારૂ ગુજરાત' વેબસાઈટ પર કેમ મુકાયુ ?

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત સબ-ઓર્ડિનેટ સર્વિસીઝ સિલેક્શન બોર્ડ દ્વારા તા. ૨૫મી એપ્રિલના રોજ વાયરમેનની પોસ્ટ માટે કોમ્પ્યુટર પ્રોફિશિયન્સ ટેસ્ટ લેવામાં આવ્યો હતો. આ પરીક્ષાનું પરિણામ તાજેતરમાં જાહેર કરાયું છે. પરંતુ આશ્ચર્યજનક રીતે બોર્ડ દ્વારા પરીણામને ઓજસ વેબસાઈટ પર ના મુકતા 'મારૂ ગુજરાત' વેબસાઈટ પર મુકવામાં આવ્યુ છે. વળી, આ પરિણામમાં કોઈ પણ ઉમેદવારના માર્ક કે મેરિટ જાહેર કરવાને બદલે સીધેસીધા ૨૪ ઉમેદવારોની પસંદગીનુ લિસ્ટ મુકી દેવાતા કાચુ રંધાયુ હોવાની ગંધ આવી રહી છે.

ગુજરાત રાજ્ય સહાયક સેવા પસંદગી મંડળ દ્વારા વાયરમેનની પોસ્ટ માટે ભરતી પરીક્ષા લેવાઈ હતી. આ પરીક્ષા શરૂઆતથી જ ઉમેદવારો માટે આશ્ચર્યજનક રહી હતી. કારણ કે વાયરમેનની પોસ્ટ માટે ટેકનિકલ પરીક્ષાને બદલે કોમ્પ્યુટર પ્રોફિશ્યિન્સી ટેસ્ટ લેવાનુ જાહેર કરાયું હતું. વળી, આ પરીક્ષામાં વાયરમેનની પોસ્ટ માટે ડિપ્લોમાં અને ડિગ્રી ધારકોને પણ સામેલ કરાયા હતા. સૌથી આશ્ચર્યજનક બાબત તો આ પરીક્ષાના પરિણામે પ્રસ્તુત કરી છે. પસંદગી મંડળ દ્વારા આ પરીક્ષાનું પરિણામ તમામ ઉમેદવારોના ગુણાંક સાથે મેરિટ લિસ્ટથી બહાર પાડવાને બદલે પસંદ કરાયેલા સીધે સીધા ૨૪ ઉમેદવારોના નામનુ લિસ્ટ જ મુકવામાં આવ્યું છે. જેના કારણે બાકીના ઉમેદવારોમાં અસંતોષ સાથે કૌભાંડની શંકા સેવાઈ રહી છે. વળી દરેક પરીક્ષાની જેમ આ પરિણામને ઓજસ વેબસાઈટ પર જાહેર કરવાને બદલે 'મારૂ ગુજરાત' વેબસાઈટ પર મુકી દેવાતા આશ્ચર્ય ફેલાવા સાથે ગોટાળાની શંકા વધુ ઘેરી બની છે. સત્વરે આ બાબતે યોગ્ય ન્યાયિક તપાસ થાય અને તમામ ઉમેદવારોના ગુણાંક સાથે મેરિટ બહાર પડાય તેવી ઉમેદવારોમાં રોષ સાથે માંગ ઉઠવા પામી છે.

વાયરમેન માટે કોમ્પ્યુટરની પરીક્ષા ?

વાયરમેન જેવી ટેકનિકલ પોસ્ટ માટે પણ કોમ્પ્યુટર પ્રોફિશ્યિન્સી ટેસ્ટ લઈ બોર્ડ શુ સાબિત કરવા માંગે છે તે ઉમેદવારો સવાલ કરી રહ્યા છે. જે વાયરમેન ઈલેક્ટ્રીકલનું કામ શીખ્યો છે તેના સ્થાને આ પરીક્ષા દ્વારા નોન-ટેકનિકલ ઉમેદવાર પણ પાસ થઈ પસંદગી પામી શકે તેવી શક્યતા જણાઈ રહી છે. વળી, આ પરિણામમાં ત્રણ મહિલા ઉમેદવારોને પણ પસંદ કરાઈ છે.

સેક્ટર-૩ અને ૪માં કમળાનો ઉપદ્રવ વધવા સિવિલમાં સારવાર લેતા દર્દીઓની ગાંધીનગરના ઉત્તરના ધારાસભ્ય શ્રી અશોક પટેલે સિવિલ હોસ્પિટલમાં જઈને ખબર અંતર પૂછ્યા હતા તે પ્રસંગની તસવીર.

શહેરના બલરામ મંદિર ખાતે ગ્રીન હાઉસ ફાર્મર એસોસિએશનની પડતર પ્રશ્નોને પગલે બેઠક યોજાઈ

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૨ બલરામ ભવન ખાતે ગ્રીન હાઉસની ખેતી કરતા ખેડુતોનું ફાર્મર એસોસિએશનની બેઠક યોજાઈ હતી. જેમાં છેલ્લા ઘણા સમયથી ગ્રીન હાઉસ ફાર્મરના પડતર પ્રશ્નો અંગે કોઈ ઉકેલ લાવવામાં આવેલ નથી. જેને પગલે ખેડુતો રોષે ભરાયા છે. ગ્રીન હાઉસની ખેતી નિષ્ફળ જતા બેંકો દ્વારા મિલ્કત હડપવાની પ્રવૃતિ શરુ કરવામાં આવી છે. જેથી ગ્રીન હાઉસ ફાર્મર એસોસિએશન દ્વારા આગામી ટુંક સમયમાં સરકાર દ્વારા યોગ્ય નિર્ણય નહીં કરવામાં આવે તો ખેડુતો દ્વારા ઉગ્ર આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે.

ગુજરાત રાજયમાં ગ્રીન હાઉસની ખેતી સદંતર નિષ્ફળ નિવડી છે. જેથી ગ્રીન હાઉસ ફાર્મર એસોસિએશન દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી સરકારમાં રજુઆત કરવામાં આવી રહી છે. જેની સામે સરકારે આંખ આડા કાન કરેલ છે. હવે ગ્રીન હાઉસના ખેડુતોનો રોષ ભભુકી ઉઠ્યો છે. ગ્રીન હાઉસની હાઈટેક ખેતી રાજયના યુવાનો એને સાહસિક ખેડુતોએ અપનાવી હતી. આ યુવાનોએ પ્રોજેકટ સફળ થવા માટે ગણા પ્રયત્નો કર્યા છે. પરંતુ એમાં નિષ્ફળ જતા સાહસિકો ખેડુતો નિરાશાનો ભોગ બન્યા છે. ગ્રીન હાઉસના ખેડુતોને બેંકો દ્વારા જે લોન આપવામાં આવી છે. એની સામે ૧૫૦ થી ૩૦૦ ટકા સુધીની મિલકતો પર બેંકો દ્વારા બોજો પાડવામાં આવેલ છે. અને આ પ્રોજેટકેટ નિષ્ફળ જવાથી બેંકોદ્વારા એ તમામ મિલકતો હડપવાની પ્રવૃતિ શરુ કરવામાં આવી છે.આ રીતે બેંકો સરકાર અને જે તે વખતે ગ્રીન હાઉસ બનાવતી કંપનીઓએ ભેગા મળીને સાહસિક ખેડુતોને દેવાના ડુંગર નીચે તળે દબાવી દીધા છે. ગ્રીન હાઉસ ફાર્મર એસોસિએશન દેવમાં ડુબેલા ખેડુતોને બહાર લાવવા માટેના તમામ પ્રયત્ન કરી રહ્યું છે. સરકાર દ્વારા ટુંક સમયમાં યોગ્ય નિરાકરણ લાવવામાં નહીં આવે તો એસોસિએશન ઉગ્ર આંદોલન તરફ આગળ વધશે. સરકાર આ રજુઆતો પર કોઈ નિર્ણય નહીં લે તો દેવામાં ડુબેલા ખેડુતો પાસે આત્મહત્યા સિવાય કોઈ રસ્તો રહેશે નહી અને ખેડુતો દ્વારા એ પગલુ ભરવામાં આવશે તો તેની સંપૂર્ણ જવાબદારી સરકારની રહેશે. રાજયના સાહસિક ખેડુતોને આત્મ હત્યા જેવું પગલુ ન ભરવુ પડે અને યોગ્ય પગલા લેવા,પડતર માંગણીઓનો સ્વીકાર કરવામાં આવે તેવી લાગણી અને માંગણી ખેડુતોની છે.

ઓનલાઈન જાહેર નિવિદા નં. ૭ સને ૨૦૧૭-૧૮

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સચિવાલય સંકુલ વિદ્યુત પેટા વિભાગ નં.૧, પાટનગર યોજના ભવન, સેક્ટર નં.૧૬, બ્લોક નં. 'એ', પ્રથમ માળ, ગાંધીનગર-૩૮૨૦૧૬ (ફોન નં. ૨૩૨૫૮૪૭૪-૭૫) દ્વારા ગાંધીનગર ખાતે વિજળીકરણના ૩ (ત્રણ) કામના ઓનલાઈન ટેન્ડર જેની અંદાજીત રકમ ૧૧૦૦૭૮.૮૫થી ૧૭૧૭૬૦.૬૦ છે.

જે માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી થયેલ વિદ્યુત પરવાના ધરાવતા વિદ્યુત ઠેકેદારો પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

આ કામના કોરા ટેન્ડરો www.nrpocure.com ઉપરથી જોવા મળશે. આ સાઈટ ઉપરથી ઓનલાઈન ટેન્ડર તા. ૧૫/૬/૨૦૧૭ થી તા. ૨૨/૬/૨૦૧૭ના રોજ ૧૮.૦૦ કલાક સુધી અપલોડ / ડાઉનલોડ કરી શકાશે. શક્ય હશે તો ટેન્ડર તા. ૨૩/૬/૨૦૧૭ના ૧૨.૦૦ કલાકે કાર્યપાલક ઈજનેરશ્રી સચિવાલય સંકુલ વિદ્યુત વિભાગ, પાટનગર યોજના ભવન, સેક્ટર નં.૧૬, બ્લોક નં. 'એ', પ્રથમ માળ, ગાંધીનગર દ્વારા ઓનલાઈન ખોલવામાં આવશે. ટેન્ડર રૂબરૂમાં / ટપાલથી સ્વીકારવામાં આવશે નહીં.

આ કામની વિગતવાર નોટીસ પેટા વિભાગીય કચેરીના નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીની જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારો અને વિદ્યુત ઠેકેદારોએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૭૬૩/૧૭-૧૮

હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

સ્કુલમાંથી સ્કુલ ડ્રેસ લેવો ફરજિયાત છે, નાસ્તો, પુસ્તકો, પેન-પેન્સિલ, સ્કુલ બસ પણ અમારી જ... ફક્ત બાબાને ભણાવવા તમે તમારી રીતે ટ્યૂશનના શિક્ષક રાખી શકો...

ગાંધીનગરના ઘ-૨ સર્કલ નજીક લીમડાના ઝાડ પર એક રશીયન બેકરી પક્ષી અને ૨ કાગડાં ફસાયા હોવાનો કૉલ ફાયર બ્રિગેડને મળ્યો હતો. ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક સ્થળ પર ધસી જઈ બચાવ કામગીરી હાથ ધરી હતી અને તમામ પક્ષીઓને બચાવી મુકત કર્યા હતા.

શિહોલી મોટી ગાયત્રી વિદ્યા મંદિર એસએસસીનું ૧૦૦ ટકા પરિણામ

ગાંધીનગર, તા. ૧૪

શિહોલી-મોટી, ગાંધીનગર જિલ્લાના શિહોલી મોટી ગામના ગાયત્રી વિદ્યામંદિરનું એસએસસીનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે.

ગુડાના ચેરમેન આશિષભાઈ દવેએ શાળા પ્રવેશોત્સવ પ્રસંગે હાજર રહી શિક્ષણનું મહત્વ ગ્રામ્ય વિસ્તારમાં વધારવા પર ભાર મૂક્યો હતો અને ખાસ કરીને દિકરીઓ અને દિકરાઓનું ૧૦૦ ટકા નામાંકન થાય તેમ તેમણે જણાવ્યું હતું.

આ પ્રસંગે આરોગ્ય વિભાગના મમતાબેન દત્તાણી, ગામ આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ ઉપરાંત ધો-૯ પ્રવેશોત્સવ વખતે બાળકોને પાઠયપુસ્તકો ગામના સહયોગથી આપવામાં આવ્યા હતા. બળદેવજી ઠાકોર, જગદીશભાઈ પટેલ વિગેરેના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું.

શાળા સંચાલક ડૉ.

શંકરસિંહ રાણાએ શાળાની શૈક્ષણિક પ્રવૃત્તિની રૂપરેખા આપી શાળાનું ૧૦૦ ટકા પરિણામ આવવા બદલ શિક્ષકો અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. એસ.એસ.સી.માં પ્રથમ નંબર આવનાર નેહા રમેશજી ઠાકોરને અભિનંદન પાઠવ્યા હતા.

ગુજરાત ઈકોલોજી કમિશન, ગાંધીનગર

ગુજરાત ઈકોલોજી કમિશન, ગાંધીનગરની કચેરીમાં પ્રીન્ટ, ઝેરોક્ષ, સ્પાયરલ બાઈન્ડીંગ વગેરેની કામગીરી માટેના ભાવો, નિયત ટેન્ડર ફોર્મમાં સીલબંધ કવરમાં મંગાવવામાં આવે છે.

ઉપરોક્ત કામગીરી માટેના ટેન્ડર ફોર્મ રૂ. ૨૦૦/- રોકડા ભર્યેથી તા. ૨૨/૬/૨૦૧૭ સુધી કચેરી સમય દરમિયાન મળી શકશે. સીલબંધ ભાવો તા. ૨૭/૬/૨૦૧૭ના રોજ બપોરે ૧૫:૦૦ વાગ્યા સુધી નીચે જણાવેલ સરનામે કચેરીને મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે.

ગુજરાત ઈકોલોજી કમિશન
બ્લોક નંબર ૧૮, પહેલો માળ, ઉદ્યોગ ભવન,
સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧

માહિતી/૭૫૫/૧૭-૧૮

જાહેરાત

ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા મહિલાઓ માટે જાગૃતિ કાર્યક્રમ, રાજ્ય તેમજ કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓમાં સામુદાયિક જાગૃતિની કામગીરી માટે વિલેજ કન્વર્ઝેશન એન્ડ ફેસિલિટેશન (VCFS) અંતર્ગત જિલ્લાના ૧૦ ગામો (૧) છાલા (૨) ખોરજ (ગાંધીનગર તાલુકો), (૩) પાનસર (૩) બાલવા (૫) વેડા (૬) પલીયડ (૭) સાંતેજ (કલોલ તાલુકો) (૮) માણેકપુર મકાખાડ (૯) રીદ્રોલ (૧૦) ચરાડા (માણસા તાલુકો) ગામોમાં વિલેજ કન્વર્ઝેશન એન્ડ ફેસિલિટેશન યોજનાની કામગીરી VCFS સેન્ટર તદ્દન હંગામી ધોરણે ૧૧ માટે શરૂ કરવાના છે.

આ સેન્ટરની કામગીરી સંભાળવા મહિલા વિલેજ કો-ઓરડીનેટરની માત્ર-૧૧ માસ માટે કરાર આધારિત ફિક્સ પગાર રૂ. ૪૦૦૦/-માં પસંદગી કરવાની છે.

આ જગા માત્ર મહિલા ઉમેદવાર માટેની છે. જેમાં ૧૮ થી ૪૫ વર્ષ સુધીની (તા. ૧/૬/૨૦૧૭ની તારીખે) ધો-૧૨ (કોઈપણ વિદ્યાશાખા) પાસ (૫૦% કે તેથી વધુ) સ્થાનિક ગામના જ હોય તેવી મહિલા ઉમેદવારની પસંદગી કરવાની છે.

ઉપર મુજબ લાયકાત ધરાવતી ઉપર જણાવેલ ગામની જ સ્થાનિક મહિલાઓએ તા. ૨૦/૬/૨૦૧૭ના રોજ કલેક્ટર કચેરી, સભાખંડ, સેક્ટર-૧૧, પ્રથમ માળ, ગાંધીનગર ખાતે સવાર ૧૦:૩૦ કલાકે નીચેના શૈક્ષણિક લાયકાતના અસલ પ્રમાણપત્રો સાથે તેની એક સ્વ પ્રમાણિત નકલ સાથે જાતે જ હાજર રહેવું. પસંદગી માત્ર ધો.૧૨માં મેળવેલ મેરીટ મુજબ જ કરવામાં આવશે. તેમજ આ કામગીરી / પ્રોજેક્ટનો સમય ૧૧ માસનો જ છે. જેની નોંધ લેવી.

જરૂરી લાયકાત :

- ધો.-૧૨ (કોઈપણ વિદ્યાશાખા) પાસ થયાની અસલ માર્કશીટ (પ્રથમ પ્રયાસે ઓછામાં ઓછા ૫૦% ગુણ)
- સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ - અસલ
- કોમ્પ્યુટરની જાણકારીનું પ્રમાણપત્ર
- તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો એક ફોટો
- ગામના વંતની હોવાનો તલાટીનો દાખલો

સહી/-
કલેક્ટર, ગાંધીનગર

માહિતી/૭૫૨/૧૭-૧૮